# એકમ-6 નાણું, નાણાની માંગ અને નાણાનો પુરવઠો-પરિચય

-: રૂપરેખા :-

6.0 ઉદ્દેશો

6.1 પ્રસ્તાવના

6.2 નાણાનો અર્થ / વ્યાખ્યાઓ

6.3 નાણાનું મૂલ્ય

6.4. નાણાની માંગ

6.4.1 નાણાની માંગ અને પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

6.4.2 નાણાની માંગ અંગે કેઈન્સનો અભિગમ

6.5. નાણાનો પુરવઠો

6.5.1 નાણાના પુરવઠાનો અર્થ

6.5.2 નાણાના પુરવઠાની વ્યાખ્યા

6.6 ભારતમાં નાણાના પુરવઠાના ઘટકો

6.6.1 કાયદામાન્ય નાણાનો જથ્થો

6.6.2 બેંક્નાણું કે થાપણો

6.7 સારાંશ

6.8 ચાવીરૂપ શબ્દો

6.9 તમારી પ્રગતિ ચકાસો

- સંદર્ભ પુસ્તકો
- તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

## 6.0 ઉદ્દેશો (Objectives) :

- આ એકમનો અભ્યાસ કર્યા પછી તમે નીચેની બાબતોથી માહિતગાર બની શકશો.

– જેમ જીવંત શરીરની નસેનસમાં રક્તનો સંચાર જરૂરી છે તેમ અર્થતંત્ર માટે નાણું કેટલું મહત્ત્વનું છે તે સમજાવી શકાશે.

– નાણાની ઉત્પત્તિ શા માટે થઈ અને તે કયા કારણોસર ઉપયોગી છે તે સમજાવી શકાશે.

– વસ્તુઓ અને સેવાઓની જેમ નાણાની માંગ શા માટે ઉદ્ભવે છે તે સમજાવી શકાશે.

– નાણાની માંગ અને નાણાના પુરવઠા દ્વારા કેવી રીતે નાણાનું મૂલ્ય નક્કી થાય છે. તેમજ નાણાના મૂલ્યની ભાવસપાટી પર કેવી અસર થાય છે તે સમજાવી શકાશે.

– નાણાનો ચલણવેગ નાણાના પુરવઠાને કેવી રીતે અસર કરે છે તે સમજાવી શકાશે.

– અર્થતંત્રમાં નાણાનો કુલ પુરવઠો કેટલો છે તે સમજાવી શકાશે.

## 6.1 પ્રસ્તાવના (Introduction)

ઐતિહાસિક કાળથી માનવીને અને માનવસમાજને પરસ્પર વિનિમય માટે અને વિનિયમ હેઠળ આવતી વસ્તુઓ કે સેવાઓનું મૂલ્ય આંકવા માટે કશાક આધારની જરૂર પડતી રહે છે. એટલે સમય અને સ્થળ અનુસાર કોડી, છીપલાં, પશુઓ, ધાતુઓ, કાગદી નોટો અને બેંક થાપણોનો નાણા તરીકે ઉપયોગ થતો રહ્યો છે. આથી, નાણું અર્થશાસ્ત્રના કેન્દ્રમાં છે. નાણું એ માણસની એક અદ્‌ભુત શોધ છે. નાણા વિનાના અર્થતંત્રની કલ્પના કરવી પણ અશક્ય છે. મૂડીવાદી, સમાજવાદી કે અર્થવ્યવસ્થાના કોઈપણ સ્વરૂપમાં નાણાની અનિવાર્યતા સ્વીકારાઈ છે. આમ, આધુનિક અર્થવ્યવસ્થાનો પાયો અને વિકાસ નાણાને આધીન છે તેમ કહી શકાય.

પહેલાંના સમયમાં જ્યારે નાણાની શોધ નહોતી થઈ ત્યારે સાટા પ્રથાનું અસ્તિત્વ હતું. એટલે કે, "એક એવી વિનિમય પ્રથા કે જેમાં વસ્તુના બદલે વસ્તુની આપ-લે કરવામાં આવે."

પરંતુ સાટા પ્રથામાં લેવડ-દેવડ માટેની અનેક મુશ્કેલીઓ ઊભી થતાં આ બધી જ સમસ્યાઓના નિરાકરણ સ્વરૂપે નાણું અસ્તિત્વમાં આવ્યું. જેમ યંત્ર વિદ્યામાં ચક્ર, વિજ્ઞાનમાં અગ્નિ, રાજ્યશાસ્ત્રમાં મત તેમ અર્થશાસ્ત્રમાં નાણાની શોધ અદ્‌ભુત છે. કારણ કે, નાણું આધુનિક અર્થકારણમાં મહત્ત્વના કાર્યો કરે છે. જેમ કે, વિનિમયના માધ્યમ તરીકે, મૂલ્યના માપદંડ તરીકે, મૂલ્યના સંગ્રાહક તરીકે, વિલંબીત ચૂકવણીના ધોરણ તરીકે, સુપ્રાપ્ય સંપત્તિ તરીકે વગેરે. આ સિવાય પણ નાણું અનેકવિધ કાર્યો કરે છે.

## 6.2 નાણાની વ્યાખ્યાઓ (Definition of Money)

6.2.1 "તે વસ્તુ વિનિમયનું માધ્યમ, ગણતરીનો એકમ અને મૂલ્યસંચય કરવા માટે સાધનભૂત હોઈ, સર્વસ્વીકૃત છે તે નાણું કહેવાય છે."

— પ્રૉ. કાઉથર

6.2.2 "કોઈપણ સમયે તથા કોઈપણ સ્થળે શંકા વિના તથા વિશેષ તપાસ વગર વસ્તુઓ તથા સેવાઓના ખરીદ-વેચાણના સાધન તરીકે જેનો સ્વીકાર થતો હોય તેને નાણા તરીકે ગણવામાં આવે છે."

— પ્રૉ. માર્શલ

6.2.3 "જે આપવાથી દેવા તથા મૂલ્ય સંબંધી સોદાઓની ચૂકવણી થતી હોય છે તથા તેના રૂપમાં સામાન્ય ખરીદશક્તિ સંગ્રહાયેલી છે તે નાણું છે."

— પ્રૉ. લૉર્ડ કેઈન્સ

6.2.4 "જે નાણાનું કાર્ય કરે છે તે નાણું છે."

— પ્રૉ. વૉકર

6.2.5 "માત્ર ધાતુના સિક્કાઓને જ નાણાની વ્યાખ્યામાં આવરી શકાય. કાગળના નાણા તથા બેંક નાણાને નાણું કહી શકાય નહીં."

— પ્રૉ. પ્રાઈસ

6.2.6 "જે વસ્તુ એક હાથમાંથી બીજા હાથ તરફ સરળતાથી ફરે અને દેવા છૂટા કરવા માટે વપરાય છે તે પૈસા છે."

— પ્રૉ. એલી

6.2.7 "હિસાબનું એકમ અને વિનિમયનું સામાન્ય રીતે સ્વીકાર્ય માધ્યમ તરીકે મૂલ્યાંકન અને ચૂકવણીને નાણું કહે છે."

— પ્રૉ. કૉલબર્ન

6.2.8 "અમુક અર્થવ્યવસ્થામાં જુદી-જુદી વ્યક્તિઓ વચ્ચે આર્થિક વ્યવહાર સુગમ બનાવે તે નાણું કહેવાય."

— કાર્લ હેલફરીક

6.2.9 "વસ્તુઓની ખરીદી વખતે થતી ચૂકવણીઓમાં વ્યાપારીક ચૂકવણીમાં વિશેષ પ્રમાણમાં ઉપયોગ થાય છે તે સર્વને નાણું કહી શકાય."

— પ્રૉ. ડી.એચ. રોબર્ટ્સન

6.2.10 "ખરીદીઓ માટે નાણું આપી શકાય તે રીતે થાપણોનું રૂપાંતર કરી શકાય કે જેનો ઉપયોગ કરી શકાય તેવા બધાનો નાણામાં સમાવેશ થાય છે."

— મધ્યસ્થ બેંક

6.2.11 "જે કોઈ થાપણ ખરીદશક્તિના હંગામી રહેઠાણ તરીકે કાર્ય કરે છે તે નાણું છે."

— મિલ્ટન ફ્રિડમેન

6.2.12 "નાણું એ માનવીની છઠ્ઠી જ્ઞાનેન્દ્રિય છે જેના વગર તે બાકીની પાંચ જ્ઞાનેન્દ્રિયોનો સંપૂર્ણપણે ઉપયોગ કરી શકતો નથી."

— ડબલ્યુ. સમરસેનર મૌધન

## 6.3 નાણાનું મૂલ્ય (Value of Money)

રોબર્ટસનના મત મુજબ "નાણાનું મૂલ્ય એટલે નાણાના એક એકમના વિનિમયથી પ્રાપ્ત થતી ચીજ-વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ."

ટૂંકમાં નાણાનું મૂલ્ય નાણાની ખરીદશક્તિ વ્યક્ત કરે છે. અહીં, પ્રશ્ન થાય કે નાણાનું મૂલ્ય કઈ રીતે નક્કી થાય છે ? - આપણે જાણીએ છીએ કે કોઈપણ વસ્તુનું મૂલ્ય તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. એજ રીતે નાણાનું મૂલ્ય પણ નાણાની માંગ અને તેના પૂરવઠા દ્વારા નક્કી થાય છે.

દા.ત., જો નાણાની માંગ સ્થિર રહે અને તેના પુરવઠામાં વધારો થાય તો નાણાનું મૂલ્ય ઘટવા પામશે, એટલે કે ભાવસપાટી વધવા પામશે. એથી ઊલટું, જો નાણાનો પુરવઠો સ્થિર રહે તેની માંગમાં વધારો થાય તો નાણાના મૂલ્યમાં વધારો થશે, એટલે કે ભાવસપાટી ઘટશે. આ સંદર્ભે નાણાની માંગ અને નાણાના પુરવઠા અંગે સમજીએ.

- તમારી પ્રગતિ ચકાસો (ક)

1. નાણાનો ઉદ્ભવ અને સાટાપ્રથા વિશે ટૂંકમાં માહિતી આપો.
2. નાણાની વિવિધ અર્થશાસ્ત્રીઓ દ્વારા આપવામાં આવેલી વ્યાખ્યાઓ જણાવો.
3. નાણાનું મૂલ્ય એટલે શું ? નાણાની માંગ અને નાણાનો પુરવઠો ભાવ સપાટી પર કેવી રીતે અસર કરે છે તે સમજાવો.

## 6.4 નાણાની માંગ (Demand Of Money)

નાણાની માંગના મુખ્યત્ત્વે ચાર અભિગમ છે :

(i) પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

(ii) કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો અભિગમ

(iii) કેઈન્સનો અભિગમ

(iv) કેઈન્સ પછીના અર્થશાસ્ત્રીઓનો અભિગમ

ઉપરોક્ત ચાર અભિગમ પૈકી આપણા અભ્યાસક્રમાનુસાર પ્રશિષ્ટ અને કેઈન્સના અભિગમ અંગે જોઈએ.

6.4.1 નાણાની માંગ અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ (Classical Economists' approach for demand for Money) :

નાણાની માંગ અન્ય વસ્તુઓ કરતાં જુદી હોય છે. બીજી વસ્તુઓની માંગ ઉદ્ભવવાનું કારણ એ છે કે, એ વસ્તુઓમાં તુષ્ટિગણ રહેલો છે. અને તેથી માનવ-જરૂરિયાતને સંતોષે છે. પરંતુ નાણાની બાબતમાં તેવું નથી. પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાની માંગ તેના પોતાના માટે થતી નથી. નાણું વિનિમયનું માધ્યમ છે. અને જેથી જ્યારે-જ્યારે વિનિમય માટેના પ્રસંગો ઉપસ્થિત થાય છે ત્યારે નાણાની માંગ થાય છે.

આ મત મુજબ નાણાની માંગ વિનિમય માટે મૂકવામાં આવેલી ચીજવસ્તુઓમાંથી ઉદ્ભવે છે, એટલે નાણાની માંગ તેના દ્વારા કરવામાં આવતાં સોદાઓના કુલ પ્રમાણમાંથી ઉદ્ભવે છે. આમ, આ લેખકોએ નાણાના વિનિમયના માધ્યમ તરીકેના કાર્ય પર જ ભાર મૂક્યો હતો. તેમના જણાવ્યા પ્રમાણે નાણાની માંગ વસ્તુલક્ષી પરિબળો દ્વારા નક્કી થાય છે. જેમ કે, સોદાઓનું પ્રમાણ તથા ચીજવસ્તુઓ અને સેવાઓના ઉત્પાદન અને વિનિમયને અસર કરતા પરિબળો વગેરે. વધુમાં, ફિશર જેવા અર્થશાસ્ત્રીઓ એવું પણ માને છે કે, નાણાની માંગ અર્થતંત્રમાં થતાં વિનિમયના સોદાઓ કે જે ટૂંકાગાળામાં સ્થિર હોય છે તેના પર આધાર રાખતી હોવાને કારણે ટૂંકાગાળામાં નાણાની માંગ સ્થિર રહેતી હોય છે. આથી ટૂંકાગાળા દરમિયાન નાણાનું મૂલ્ય નાણાની માંગ દ્વારા નહિ પરંતુ મુખ્યત્વે નાણાના પુરવઠા દ્વારા નક્કી થતું હોય છે. નાણાના પુરવઠામાં થતો ઘટાડો તેના મૂલ્યમાં સપ્રમાણ વધારો લાવે છે. પ્રૉ. ફિશરે રજૂ કરેલો નાણાનો પરિમાણ સિદ્ધાંત નાણાની માંગના આ ખ્યાલ પર આધારિત છે.

6.4.2 નાણાની માંગ અંગે કેઈન્સનો અભિગમ (Keynesian approach to the demand for money)

લૉર્ડ કેઈન્સના મત મુજબ, "નાણાની માંગ એટલે નાણાને રોકડ રૂપમાં રાખવા માટેની માંગ."

દરેક વ્યક્તિ પોતાના ઉદ્યોગ-ધંધા, નોકરી, મજૂરી, વેપાર વગેરે... માર્ગોએ જે આવક મેળવે છે, તેમાંથી અમુક ભાગ તે રોકડ સ્વરૂપે હાથ પર રાખે છે. જેને નાણાની માંગ કહે છે.

જહૉન મેનાર્ડ કેઈન્સે પોતાના પુસ્તક "The General Theory of Employment, Interest and Money" - ફેબ્રુઆરી 1936માં તરલતા પસંદગી (Liquidity Preference)નો સિદ્ધાંત રજૂ કરીને નાણાની માંગ કયા હેતુઓને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. તેની સવિશેષ સમજૂતી આપી છે. તેમણે નાણાની માંગના ત્રણ હેતુઓ દર્શાવ્યા છે :

(i) વિનિમયનો હેતુ

(ii) સાવચેતીનો હેતુ

(iii) સટ્ટાકીય હેતુ

(i) વિનિમયનો હેતુ (Transaction Motive)

વિનિમયનો હેતુ એ નાણાનાં વિનિમયના કાર્ય પર ભાર મૂકે છે. રોજબરોજના જીવન માટે આપણે જુદી-જુદી વસ્તુઓ અને સેવાઓની ખરીદી કરતાં હોઈએ છીએ. જેમ કે, અનાજ, શાકભાજી, દૂધ, ફળો, પેટ્રોલ, કપડાં તેમજ અન્ય વસ્તુઓ વગેરેની ખરીદી માટે નાણાની માંગ લોકો કરે છે. એ જ રીતે ઉત્પાદક પણ કાચો માલ ખરીદવા રોકડ નાણું રાખે છે. આમ, વિનિમય માટે હાથ પર રાખવામાં આવતાં રોકડ નાણાની માંગને વિનિમયના હેતુ માટેની નાણાની માંગ કહે છે.

(ii) સાવચેતીનો હેતુ (Precautionary Motive)

સાવચેતીના હેતુ માટેની નાણાની માંગ એ મૂલ્યના સંગ્રાહક તરીકેના નાણાના કાર્ય પર ભાર મૂકે છે. લોકો સાવચેતીના હેતુ માટે કેટલુંક નાણું હાથ પર રાખે છે. ટૂંકમાં, ભવિષ્યમાં આવનારી અનિશ્ચિતતાઓનો સામનો કરવા જેમ કે, ઘરમાં કોઈ વ્યક્તિ બીમાર પડ્યું, એક્સિડેન્ટ થયું, કોરોના જેવો કોઈ રોગચાળો ફાટી નીકળે, આમ આકસ્મિક જરૂરિયાત માટે જે નાણાની માંગ લોકો કે ઉત્પાદકો દ્વારા થાય છે તેને સાવચેતીના હેતુ માટેની નાણાની માંગ કહે છે.

(iii) સટ્ટાકીય હેતુ (Speculative Motive)

સટ્ટાકીય હેતુ માટેની નાણાની માંગ એ પણ નાણાના મૂલ્યના સંગ્રાહક તરીકેના કાર્ય પર ભાર મૂકે છે. અહીં સટ્ટો એટલે નાણાનું રોકાણ એવી રીતે કરવું કે જેથી વધુ વ્યાજ-વળતર કે નફો પ્રાપ્ત થાય. અહીં, કેઈન્સ સટ્ટાકીય હેતુ માટે બે પ્રકારની અશક્યામતોની વાત કરી છે જેમાં બૉન્ડ અને નાણું અહીં બૉન્ડ નિશ્ચિત વ્યાજ આપે તેવી જામીનગીરી છે. આથી રોકડનાણું હાથ પર રાખીને જ્યારે જરૂર પડે ત્યારે તેને બૉન્ડમાં રોકાણ કરવું એટલે નફો મેળવી શકાય. આમ, આજે જે નાણાની માંગ છે તેને સટ્ટાકીય હેતુ માટેની નાણાની માંગ કહે છે.

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. નાણાની માંગ અંગે પ્રશિષ્ટ અર્થશાસ્ત્રીઓનો અભિગમ વિસ્તૃતમાં ચર્ચો.
2. નાણાની માંગ અંગેનો કેઈન્સનો અભિગમ વિસ્તૃતમાં સમજાવો.

## 6.5 નાણાનો પુરવઠો (Supply of Money)

નાણાના મૂલ્યને નક્કી કરવામાં નાણાની માંગ જેટલો જ નાણાનો પુરવઠો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. નાણાનો પુરવઠો અન્ય વસ્તુઓના પુરવઠા કરતાં જુદો હોય છે. નાણા તરીકે કામ આપતો દરેક સિક્કો કે ચલણી નોટ સમયના અમુક ગાળામાં એક કરતાં વધુ વખત ઉપયોગમાં લેવાય છે, એટલે કે, એક વ્યક્તિના હાથમાંથી બીજા વ્યક્તિના હાથમાં પછી ત્રીજા વ્યક્તિ પાસે એમ નાણાની ફેરબદલી થાય છે.

દા.ત., 100 રૂપિયાની એક નોટ આપણે શાકભાજીવાળાને આપી, આ શકાભાજીવાળાએ તેને દૂધવાળાને અને દૂધવાળા તેને અનાજવાળા વેપારીને આપી. આમ એક દિવસમાં 100 રૂ.ની નોટ કુલ ત્રણ વખત ઉપયોગમાં લેવાઈ. આથી તેણે 100 રૂ.નું નહીં 300 રૂ.નું કામ કર્યું કહેવાય આને નાણાનો ચલણવેગ કહે છે. આ ચલણવેગ નાણાના પુરવઠાને અસર કરે છે. આ સંદર્ભમાં નાણાના પુરવઠાનો અર્થ, વ્યાખ્યા અને ઘટકો જોઈએ.

6.5.1 નાણાના પુરવઠાનો અર્થ (Meaning of Supply of Money) :

નાણાનો પુરવઠો એટલે અર્થકારણમાં અસ્તિત્વ ધરાવતો નાણાનો કુલ જથ્થો કે વસ્તુઓ તથા સેવાઓના વિનિમય માટે વપરાય છે. આ જથ્થામાં સિક્કાઓ અને ચલણી નોટો ઉપરાંત બેંકોની થાપણોનો સમાવેશ થાય છે. ટૂંકમાં નાણાનો પુરવઠો એટલે દેશના લોકો પાસે સિક્કાઓ, ચલણી નોટો તથા બેંક થાપણોનું પ્રમાણ.

6.5.2 નાણાના પુરવઠાની વ્યાખ્યાઓ (Definition of Money Supply) :

(1) પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના મતે,

"મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું ચલણી નાણું તેમજ વેપારી બેંકોના ચાલુ અને મુદ્દતી ખાતાની થાપણોનો નાણાના પુરવઠામાં સમાવેશ થાય છે."

(2) રેડક્લિફ સમિતિ

"નાણાનો કુલ પુરવઠો એ અર્થકારણની તરલતાના વિસ્તૃત માળખાનો એક માત્ર હિસ્સો છે. લોકોના ખર્ચના નિર્ણયોમાં તરલતાની સ્થિતિ અગત્યની છે અને સમગ્ર તરલતાના પ્રમાણમાં નાણાના પુરવઠાનું મહત્ત્વ વિશેષ હોય છે."

(3) રિઝર્વ બેંકે નાણાના પુરવઠાની આપેલી નવી વ્યાખ્યા :

રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ 1977માં દ્વિતીય કાર્યકારી જૂથ નિમ્યૂ કે જેમાં નાણાના પુરવઠાના કુલ ચાર ખ્યાલો રજૂ કરાયા હતાં. આ ચાર ખ્યાલોને $M_1$, $M_2$, $M_3$ અને $M_4$ તરીકે ઓળખવામાં આવે છે. જેની વિગતે સમજૂતી મેળવીએ.

નાણાનાં પુરવઠાના આ ચારેય ખ્યાલોને તેમની પ્રવાહિતતા અનુસાર ક્રમાંક આપવામાં આવ્યો છે, જેમાં, $M_1 = C + DD + OD$

$M_1$ને સૌથી વધુ પ્રવાહિત ગણવામાં આવે છે. તેને સંકીર્ણ નાણું (Narrow Money) કહે છે કે જેમાં લોકો પાસેનું ચલણી નાણું + બેંકો પાસેની ચાલુ થાપણો + RBI પાસેની અન્ય થાપણોનો સમાવેશ થાય છે.

$M_2 = M_1 +$ પોસ્ટ ઑફિસની બચત બેંકોની બચત થાપણો

તરલતાની દૃષ્ટિએ $M_1$ કરતાં $M_2$માં ઓછી તરલતા ધરાવે છે કે જેમાં $M_1$માં ગણવામાં આવેલી રકમ + પોસ્ટ ઑફિસમાં બચત ખાતામાં રહેલી બચત થાપણોનો સમાવેશ કરવામાં આવે છે.

$M_3 = M_1 +$ બેંકો પાસેની મુદત થાપણો

પ્રૉ. મિલ્ટન ફ્રિડમેનના મતે "ચલણી નાણું જે મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે તે અને વેપારી બેંકોના ચાલુ ખાતા અને મુદ્દતી થાપણોનો નાણાના પુરવઠામાં સમાવેશ થાય છે." મિલ્ટન ફ્રિડમેનના મતે, ચાલુ ખાતાની થાપણો અને મુદ્દતી થાપણો વચ્ચે બહુ ભેદ જણાતો નથી. તેથી જો ચાલુ થાપણોને નાણામાં ગણી શકાય તો મુદ્દતી થાપણોને પણ નાણા તરીકે ગણવી જોઈએ. મુદ્દતી થાપણો પર લોન લઈ શકાતી હોવાથી તેનો સમાવેશ નાણાના પુરવઠામાં કરવો જોઈએ તેવું કેટલાંક અર્થશાસ્ત્રીઓ માને છે. $M_3$ને વ્યાપક નાણું (Broud Money) કહે છે.

$M_4 = M_3 +$ પોસ્ટ ઑફિસની કુલ થાપણો

$M_4$માં $M_3$ તથા પોસ્ટ ઑફિસની કુલ થાપણોનો સમાવેશ થાય છે. જો કે પોસ્ટ ઑફિસમાં કુલ થાપણો નજીવી હોવાથી $M_3$ અને $M_4$ વચ્ચે મોટો તફાવત હોતો નથી.

## 6.6 ભારતમાં નાણાના પુરવઠાના ઘટકો (Components of Money Supply in India)

નાણાના પુરવઠાના મુખ્યત્ત્વે બે ઘટકો છે :

6.6.1 કાયદા માન્ય નાણાનો જથ્થો

6.6.2 બેંક નાણું કે થાપણો

6.6.1 કાયદા માન્ય નાણાનો જથ્થો (The amount of legal money) :

મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું નાણું કાયદામાન્ય નાણું છે. તેને કાયદાનું પીઠબળ હોવાથી સર્વ લોકો તેનો નિશ્ચિતપણે આનાકાની વગર સ્વીકાર કરે છે. મધ્યસ્થ બેંક કાયદા મુજબની અનામતો જેમ કે સોનું, સરકારી જામીનગીરીઓ, વિદેશી હૂંડિયામણ વગેરે રાખીને ચલણ બહાર પાડે છે, જ્યારે એક રૂપિયા સિવાયની તમામ ચલણી નોટો છાપવાનો ઈજારો રિઝર્વ બેન્કને આપવામાં આવ્યો છે. મધ્યસ્થ બેન્ક નાણાના પુરવઠામાં વખતો વખત ફેરફાર કરે છે. ઉત્પાદન વધતાં કે નાણાની માંગ વધતાં મધ્યસ્થ બેંક ચલણમાં વધારો કરે છે. ચલણનું પ્રમાણ ઘટે છે ત્યારે નાણાનો પુરવઠો ઘટે છે.

6.6.2 બેન્ક નાણું કે થાપણો (Bank Money or Deposits)

નાણાની પુરવઠાનું બીજું મુખ્ય ઘટક બેન્ક થાપણો છે. કાયદામાન્ય નાણું બેન્ક થાપણોનો આધાર છે. જેમાં નીચેના મુદ્દાઓનો સમાવેશ કરી શકાય છે.

6.6.2.(i) માંગપાત્ર થાપણો (Demandable Deposits)

માંગપાત્ર થાપણો એવી થાપણો છે કે થાપણદાર જ્યારે માંગણી કરે કે તુરંત તેને રોકડ અથવા ચેક અથવા અન્ય કોઈ શાખી સાધન દ્વારા તેને ચૂકવણી કરવામાં આવે છે અને તેથી તે વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરે છે. નાણાના પુરવઠાના માપ માટે બેંકોની ચોખ્ખી માંગપાત્ર થાપણોનો સમાવેશ થાય છે, પરંતુ માંગપાત્ર થાપણોનો સમાવેશ થતો નથી. વળી, કુલ થાપણોમાં પ્રજાની થાપણો વત્તા (+) આંતર બેંક થાપણોનો સમાવેશ થાય છે. આંતર બેંક થાપણો એ થાપણો છે કે જે એક બેન્ક અન્ય બેંકોમાં ધારણ કરે છે.

6.6.2. (ii) રિઝર્વ બેંક પાસેની અન્ય થાપણો (Other Deposits from the Reserve Bank)

રિઝર્વ બેન્ક પાસેથી અન્ય થાપણોમાં અર્ધ-સરકારી સંસ્થાઓ, વિદેશી કેન્દ્રીય બેન્કો, વિદેશી સરકારો, વિશ્વ બેંક અને આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ જેવી સંસ્થાઓની થાપણોનો સમાવેશ થાય છે. અલબત્ત, રિઝર્વ બેંક પાસેની આવી થાપણોનો હિસ્સો નાણાના કુલ પુરવઠાના માંડ એક ટકા જેટલો જણાયો છે.

6.6.2. (iii) બાંધી મુદ્દતની થાપણો (Bound term Deposits)

બેંકો પાસેની બાંધી મુદતની થાપણો એ છે કે જે જ્યારે પણ થાપણદારો તરફથી માંગ કરવામાં આવે ત્યારે તુરત જ પરત થઈ શકતી નથી. આવી થાપણોની નિશ્ચિત સમયાવધિ હોય અને તેથી તેઓને બાંધી મુદતની થાપણો તરીકે ઓળખવામાં આવે છે.

વધુમાં, ચાલુ ખાતાની થાપણો અને બાંધી મુદતની થાપણો ઉપરાંત બેંકો બચત ખાતાની થાપણો પણ સ્વીકારે છે. આવી બચત થાપણોમાં ચાલુ ખાતાની થાપણો તથા બાંધી મુદતની થાપણો એમ બંને લક્ષણો જોવા મળે છે. બચત થાપણો એ ચાલુ ખાતાની થાપણો જેવી હોય છે. કારણ કે, થાપણદાર માગે ત્યારે તેને તે આપવામાં આવે છે; બીજી તરફ આવી બચત થાપણો બાંધી મુદતની થાપણોનો ગુણ ધરાવે છે. કારણ કે, બચત

થાપણદારોને તે થાપણો પર વ્યાજ ચૂકવવામાં આવે છે.

6.6.2 (iv) પોસ્ટ ઑફિસની થાપણો (Post Office Deposits)

પોસ્ટ ઑફિસો પણ પ્રજાની થાપણો સ્વીકારે છે, જે બે પ્રકારની હોય છે

1. બચત થાપણો અને
2. બાંધી મુદ્દતની થાપણો

તદ્દુપરાંત, રિકરિંગ થાપણો અને ક્યુમ્યુલેટિવ બાંધી મુદતની થાપણો પણ હોય છે.

તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. નાણાનો ચલણવેગ એટલે શું ? એક ઉદાહરણ આપી સમજાવો.
2. નાણાનો પુરવઠો એટલે શું ? નાણાના પુરવઠાની જુદા-જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ જણાવો.
3. રિઝર્વ બેંકે આપેલા નાણાના પુરવઠાના ચાર ખ્યાલો સમજાવો.
4. ભારતમાં નાણાના ઘટકો સમજાવો.

## 6.7 સારાંશ (Abstract)

નાણાને લીધે વિનિમય સરળ અને ઝડપી બન્યો છે. વસ્તુની કિંમતો ચોક્કસાઈથી માપી શકાય છે. લેવડ-દેવડનો વ્યવહાર સુગમતાપૂર્વક ચાલે છે. સંપત્તિનો સંચય શક્ય બન્યો છે અને ઝડપી આર્થિક વિકાસ સાધી શકાયો છે. અર્થતંત્રનું વર્તમાન સ્વરૂપ નાણાને આભારી છે અને નાણું અર્થતંત્રનું અનિવાર્ય અંગ છે. આથી જ પ્રૉ. માર્શલે કહ્યું છે કે, "નાણું એક એવું ચાલક બળ છે જેની ચોમેર સમગ્ર અર્થવિજ્ઞાન પરિક્રમા કરતું રહે છે." આનું કારણ એ છે કે નાણાનો કુલ જથ્થો શાખનું માળખું અને નાણાના મૂલ્યમાં થતાં ફેરફારોની રાષ્ટ્રના આર્થિક જીવન પર ઘણી ગહન અસરો પડતી હોય છે.

આમ, નાણાના પુરવઠાને લઈને નાણું અર્થતંત્ર માટે આશીર્વાદરૂપ અને અભિશાપરૂપ બંને છે. સેમ્યુ બટલરના શબ્દોમાં કહીએ તો નાણાનું અસ્તિત્વ અને તેનો અભાવ એ બંને સર્વે અનર્થનું મૂળ છે. આથી નાણાનું યોગ્ય રીતે નિયમન થવું જોઈએ, એટલે કે, નાણાપ્રબંધક સત્તાએ નાણાના ઉપકારક તત્ત્વો જાળવી રાખીને તેના અનિષ્ટો નિવારવા માટેનાં અસરકારક પગલાં લેવાં જોઈએ.

## 6.8 ચાવીરૂપ શબ્દો (Key Words)

- નાણું (Money)

  "વિનિમયના માધ્યમ તરીકે વપરાતી વસ્તુ એટલે નાણું."

- સાટા પ્રથા (Barter System)

  "એક એવી વિનિમય પ્રથા કે જેમાં વસ્તુના બદલે વસ્તુની આપ-લે કરવામાં આવે."

- નાણાનું મૂલ્ય (Value of Money)

  "નાણાનું મૂલ્ય એટલે નાણાના એક એકમના વિનિમયથી પ્રાપ્ત થથી ચીજ-વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ."

- નાણાની માંગ (Demand of Money)

  "નાણાની માંગ અન્ય વસ્તુઓ કે સેવાઓની માંગ કરતાં જુદી છે. આથી વિનિમય માટેના પ્રસંગો ઉદ્ભવે ત્યારે નાણાની માંગ થાય છે."

- નાણાંનો પુરવઠો (Supply of Money)

  "અમુક ચોક્કસ સમયગાળા દરમિયાન અર્થકારણમાં અસ્તિત્વ ધરાવતો નાણાંનો કુલ જથ્થો/પ્રમાણ એટલે નાણાંનો પુરવઠો."

- કાયદામાન્ય નાણું (Legal Money)

  "સરકાર તથા મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું ચલણી નાણું (ધાતુના સિક્કાઓ તેમજ કાગદી નોટો) કાયદામાન્ય નાણું છે."

- બેંક નાણું (Bank Money)

  "માંગપાત્ર થાપણો અથવા બાંધી મુદતની થાપણો તેમજ પોસ્ટ ઑફિસ અને રિઝર્વ બેંક પાસેની થાપણોને બેંક નાણું કહી શકાય."

- નાણાંનો ચલણવેગ (Velocity of Money)

  "નાણાંનો એક એકમ જે સરેરાશ ગતિએ ફરે છે તેને નાણાંનો ચલણવેગ કહેવામાં આવે છે. (વિભાગ 6.5 વાંચો)

- સંદર્ભ પુસ્તકો (Reference)

– Ahuja H.L., "Macro Economics Theory and Policy", Pub. S.Chand and Company Limited, Delhi, Year 2019

– Sinha Dr. V.C. Pandey, Dr. Sudha, "Nacro Economics (ebook) : SBPD Publication, Year 2000, books.google.com

- **તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

- તમારી પ્રગતિ ચકાસો (ક)

1. વિભાગ 6.1 (પ્રસ્તાવના) વાંચો
2. વિભાગ 6.2નો પેટા વિભાગ વાંચો
3. વિભાગ 6.3 વાંચો

- તમારી પ્રગતિ ચકાસો (ખ)

1. વિભાગ 6.4.1 વાંચો.
2. વિભાગ 6.4.2 વાંચો.

- તમારી પ્રગતિ ચકાસો (ગ)

1. વિભાગ 6.5 વાંચો.
2. વિભાગ 6.5.1 અને 6.5.2 વાંચો.
3. વિભાગ 6.5.2નો પેટા વિભાગ (iii) વાંચો.
4. વિભાગ 6.6 અને તેના પેટા વિભાગ વાંચો.

6.11 યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો

1. એક એવી વિનિમય પ્રથા કે જેમાં વસ્તુનાં બદલે વસ્તુની આપ-લે કરવામાં આવે...

   (અ) સાટા પ્રથા (બ) રાજ્યપ્રથા

   (ક) કુ પ્રથા (ડ) વર્ણ પ્રથા

2. વર્તમાનમાં વિનિમયના માધ્યમ તરીકે વપરાતી વસ્તુ એટલે ?

(અ) કાગળ (બ) નાણું

(ક) કાપડ (ડ) પથ્થર

3. "માત્ર ધાતુના સિક્કાઓને જ નાણાની વ્યાખ્યામાં આવરી શકાય" - આ વ્યાખ્યા કોની છે ?

(અ) પ્રૉ. ક્રાઉથર (બ) પ્રૉ. માર્શલ

(ક) પ્રૉ. પ્રાઈસ (ડ) પ્રૉ. વૉકર

4. "જે વસ્તુ એક હાથમાંથી બીજા હાથ તરફ સરળતાથી ફરે છે અને દેવા છૂટા કરવા માટે વપરાય છે તે પૈસા છે" - આ વ્યાખ્યા કોણે આપી છે ?

(અ) પ્રૉ. એલી (બ) પ્રૉ. વૉકર

(ક) પ્રૉ. ક્રાઉથર (ડ) પ્રૉ. પ્રાઈસ

5. ............. એ નાણાની ખરીદશક્તિ વ્યક્ત કરે છે.

(અ) નાણાનું મૂલ્ય (બ) વસ્તુની કિંમત

(ક) વ્યક્તિ (ડ) નાણું

6. ............ એટલે નાણાના એક એકમના વિનિમયથી પ્રાપ્ત થતી ચીજ-વસ્તુઓ અને સેવાઓનું પ્રમાણ.

(અ) નાણાનો પુરવઠો (બ) નાણાનું મૂલ્ય

(ક) નાણાની માંગ (ડ) વસ્તુનું મૂલ્ય

7. જો નાણાનો પુરવઠો સ્થિર રહે તેની માંગમાં વધારો થાય તો નાણાના મૂલ્યમાં વધારો થશે અને ભાવ સપાટી .............

(અ) ઘટશે (બ) વધશે

(ક) સ્થિર રહેશે (ડ) એક પણ નહિ

8. ભવિષ્યમાં આવનારી અનિશ્ચિતતાઓનો સામનો કરવા માટેની નાણાની માંગ નીચેનામાંથી કયા હેતુ માટેની માંગ કહેવાશે ?

(અ) રોકડ હેતુ (બ) સાવચેતીનો હેતુ

(ક) સટ્ટાકીય હેતુ (ડ) વિનિમયનો હેતુ

9. "નાણાનો કુલ પુરવઠો એ અર્થકારણની તરલતાના વિસ્તૃત માળખાનો એક માત્ર હિસ્સો છે. લોકોના ખર્ચના નિર્ણયોમાં તરલતાની સ્થિતિ અગત્યની છે અને સમગ્ર તરલતાનાં પ્રમાણમાં નાણાના પુરવઠાનું મહત્ત્વ વિશેષ હોય છે." - આ વ્યાખ્યા કોની છે ?

(અ) પ્રૉ. મિલ્ટન ફ્રિડમેન (બ) રિઝર્વ બેંક

(ક) રેડક્લિફ સમિતિ (ડ) પ્રૉ. માર્શલ

10. રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાએ 1977માં દ્વિતીય કાર્યકારી જૂથ નીમ્યું કે જેણે નાણાના પુરવઠાના કુલ ................ ખ્યાલો રજૂ કર્યા હતાં.

(અ) બે (બ) ત્રણ

(ક) ચાર (ડ) પાંચ

- બહુ વિકલ્પોના જવાબો

1. (અ) સાટા પ્રથા
2. (બ) નાણું
3. (ક) પ્રૉ. પ્રાઈસ
4. (અ) પ્રૉ. એલી
5. (બ) વસ્તુની કિંમત
6. (બ) નાણાનું મૂલ્ય
7. (અ) ઘટશે
8. (બ) સાવચેતીનો હેતુ
9. (ક) રેડક્લિફ સમિતિ
10. (ક) ચાર

6.12 ખાલી જગ્યા પૂરો

(1) ____________ એ સૌથી વધુ પ્રવાહિત નાણું છે.

(2) $M_3$ ને ____________ નાણું કહે છે.

(3) મધ્યસ્થ બેંક દ્વારા બહાર પાડવામાં આવતું નાણું ____________ નાણું છે.

(4) નાણાના પુરવઠાનાં મુખ્ય ____________ ઘટકો છે.

(5) ____________ થાપણો એવી છે કે જ્યારે થાપણદાર માંગણી કરે કે તુરત જ તેને ચૂકવણી કરવામાં આવે છે.

- ખાલી જગ્યા પૂરોના જવાબો

1. $M_1$
2. વ્યાપક
3. કાયદા માન્ય
4. બે
5. માંગપાત્ર થાપણો